### કાયમી વીજળી સમસ્યાનો અંત

## બાયડની વિવેકાનંદ સોસાયટીનો બાયડ ફીડરમાં સમાવેશ, રહીશોમાં ખુશાલી

### કારોબારી અધ્યક્ષને રજૂઆત પછી ૪૫ દિવસમાં પ્રશ્ન હલ

હિંમતનગર, તા.૨૯
બાયડની વિવેકાનંદ સોસાયટીના અનેક રહીશોનો અરજણવાવ ફીડરમાં સમાવેશ હોવાથી વારંવાર વીજળીના ધાંધિયાથી ત્રાસ્યા હતા. આ વિસ્તારના રહીશોએ બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ, વોર્ડ નં.૧ ના પ્રતિનિધિ પ્રવિણ એમ. પટેલને રજૂઆત કરતાં માત્ર ૪૫ દિવસમાં જ ૬ વર્ષ જૂના પ્રશ્નનો ઉમેલ આવ્યો છે. મંગળવારથી ૧૦૫ થી વધુ રહેણાંક મકાનોનો બાયડ ફીડરમાં સમાવેશ થતાં રહીશોમાં ખુશાલી છવાઈ છે.

રાજ્યની ભાજપ સરકારમાં પ્રજાલક્ષી કોઈપણ કામ હોય તો તેનો ત્વરીત ઉકેલ આવે છે. બાયડના કેટલાક સોસાયટી વિસ્તારોનો અરજણવાવ ફીડરમાં સમાવેશ થયેલો હતો જેથી ચોમાસામાં સામાન્ય વરસાદ અને વાવાઝોડા દરમ્યાન અરજણવાવ ફીડર ફોલ્ટમાં જતું હતું જેના કારણે કલાકો સુધી રહીશો અંધારામાં અટવાતા. આવા રહીશો દ્વારા બાયડ ફીડરમાં સમાવવા માટે અનેકવાર વિજ તંત્ર સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી પરંતુ પ્રશ્ન હલ થયો ન હતો. વિવેકાનંદ સોસાયટીના રહીશો દ્વારા આ અંગે બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષને રજુઆત કર્યા પછી રાજ્ય સરકારના ઉર્જા વિભાગ અને તલોદ વર્તુળ તેમજ બાયડ યુ.જી.વી.સી.એલ. કાર્યપાલક ઈજનેર પી.એમ.તબિયાડને રૂબરૂ મળીને રજૂઆત કરતાં તુરત જ પ્રપોઝલને તલોદ વર્તુળમાંથી મંજુર કરવામાં આવ્યું. વિવેકાનંદ સોસાયટીનો બાયડ ફીડરમાં સમાવેશ થતાં રહીશોમાં દિવાળી જેવી ખુશાલી જોવા મળી હતી.

#### ખોબલા ભરીને અભિનંદન : રહીશો

હિંમતનગર : અમારી સોસાયટીના કેટલાક રહેણાંક વિસ્તારનો અરજણવાવ ફીડરમાં સમાવેશ થયેલો હતો જેથી અનેકવાર અંધારપટ છવાતાં રાત્રે લાઈટ જાય તો પરોઢ સુધી અંધારામાં અટવાતા હતા. આ અંગે છેવટે બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલને અમારી સમસ્યાની રજૂઆત કરતાં તેમને અમારા કામને પ્રાધાન્ય આપ્યું અને માત્ર ટૂંકાગાળામાં જ બાયડ ફીડરમાં સમાવેશ થતાં અમે સૌ સોસાયટીના રહીશો કામગીરીને બિરદાવી ખોબલા ભરીને અભિનંદન પાઠવીએ છીએ તેમ સોસાયટીના રહીશ દિનેશભાઈ પટેલ, જાગૃતભાઈ ત્રિપાઠી, અનિલભાઈ બ્રહ્મભટ્ટ સહિતના તમામ રહીશોએ જણાવ્યું છે.



## સગીરાઓ અસલામત : બાયડ તાલુકામાં બે સગીરાઓના અપહરણથી પોલીસ દોડતી થઈ

### અપહરણ બાદ યૌન શોષણથી પરિવાર ચિંતિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
બાયડ તાલુકામાં સગીરાઓ અસલામત બની છે. તાલુકાના ફતેપુરા અને છભૌ ગામમાંથી બે સગીરાઓના અપહરણ કરાતાં આંબલિયારા અને બાયડ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બંન્ને સગીરાઓ સાથે અપહરણ કરનાર ઈસમો યૌન શોષણ કરે તેવી ચિંતા પરિવારજનોને સતાવી રહી છે જેથી અપહરણના બનાવમાં પોલીસે પ્રોટક્શન ઓફ ચિલ્ડ્રન ફોર સેક્સ્યુઅલ એફેન્સીસ એક્ટ-૨૦૧૨ ની કલમ-૧૨ મુજબ ગુનો નોંધ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી અપહરણના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. મહિલાઓ, યુવતીઓની સાથે હવે સગીરાઓના અપહરણના બનાવ પોલીસ માટે ચિંતાનો વિષય બન્યા છે. બાયડ તાલુકાના ફતેપુરા ગામના એક પરિવારની ૧૪ વર્ષની સગીરાને ગામનો મહેશ કોદરભાઈ પરમારે લગ્ન કરવાના અથવા તો સગીરા સાથે બદકામ કરવાના ઈરાદે તેણીને લલચાવી અપહરણ કરી ભગાડી જતાં ચિંતિત પરિવારે પોલીસ ફરિયાદ આપી છે. બીજા બનાવમાં તાલુકાના છભૌ ગામે પણ એક પરિવારની ૧૭ વર્ષની સગીરાને કોઈ અજાણ્યો ઈસમ લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હોવાથી પરિવાર સદમામાં છે. સગીરાની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હોવાના કારણે આખરે હારી-થાકીને પરિવારે બાયડ પોલીસ સ્ટેશને ફરિયાદ આપી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી બે સગીરાઓના અપહરણ થઈ જતાં પોલીસ ઉંધા માથે થઈ છે.

## સરડોઈ પંથકના ૮થી વધુ ગામોની એસ.ટી. સેવા છીનવાતાં તંત્ર સામે રોષ

### ખાનગી વાહનોમાં જીવના જોખમે મુસાફરી કરવાના દિવસો

સરડોઈ, તા.૨૯
મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ૮ થી વધુ ગામોને જોડતી એસ.ટી. સેવા છીનવાતાં મુસાફરોમાં એસ.ટી. વિભાગ સામે જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. મુસાફરો સમસમી ઉઠ્યાં છે.

ગુજરાત રાજ્ય પરીવહન નિગમ સતત ખોટના ખાડામાં ધકેલાયેલું રહેતું હોવાથી હવે વધારાની એસ.ટી. બસો ફાળવી ખોટ સરભર કરવાના પ્રયત્નમાં છે. એસ.ટી. બસો બંધ કરતાં મુસાફર જનતા હાલાકીમાં મૂકાઈ છે. નિર્ધારીત રૂટની એસ.ટી. સેવા છીનવાઈ જતાં ન છૂટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવાની નોબત આવી છે તેમાંય મોડાસા એસ.ટી. ડેપોના સત્તાવાળાઓએ છેલ્લા કેટલાક દિવસોથી આવક ઓછી હોવાનું બહાનું આગળ ધરી શામપુર, રાજેન્દ્રનગરને જોડતા રોજના એસ.ટી. રૂટ બંધ કરી દેતાં મુસાફરો રોષે ભરાયા છે. સરડોઈ પંથકના ૮ થી વધુ ગામોને જોડતી એસ.ટી. સેવાઓ એક પછી એક બંધ કર્યા પછી હજુ પણ શરૂ કરવામાં ન આવતાં આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થવાના ભણકારા છે.




મુસાફરોને ખાનગી વાહનોમાં જીવના જોખમે મુસાફરી કરવાના દિવસો આવ્યા છે. એક તરફ એસ.ટી. વિભાગ અનલૉક પછી ગ્રામ્ય વિસ્તારના તમામ બંધ રૂટ શરૂ કરવામાં આવ્યા હોવાના દાવા કરે છે પરંતુ આ વિસ્તારના સરડોઈ, ટીંટીસર, સજાપુર, લાલપુર, નવા, શામપુર, દાવલી અને રાજેન્દ્રનગર સહિતના ગામોને જોડતી એસ.ટી. સેવા બંધ રખાતાં એસ.ટી. બસ મથકોને મુસાફરોની સુવિધા ખાતર નવી એસ.ટી. બસ તાજેતરમાં ફાળવવામાં આવી હોવા છતાં સંચાલનના અભાવે ગામડાંના મુસાફરોને એસ.ટી.ની પર્યાપ્ત સુવિધાથી વંચિત રહેવું પડે છે. મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ગામો પ્રત્યે એસ.ટી. વિભાગે છેલ્લા ઘણા સમયથી ઓરમાયું વર્તન દાખવી મોડાસા તેમજ હિંમતનગર ડેપોની અનેક

## ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લીના જળાશયોમાં માંડ ૧૮ ટકા પાણીનો જથ્થો

### મેશ્વોમાં ૪૩ ટકા, માઝૂમ ૩૮ ટકા, વાત્રક-હાથમતી ૩૩ ટકા પાણીનો જથ્થો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
જિલ્લામાં ચોમાસુ જામ્યું હતું ત્યાં એકાએક વરસાદમાં વિલંબ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જિલ્લાના ૧૪ જળાશયોમાં સરેરાશ ૧૮.૧૭ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે. આગામી એક પખવાડીયામાં ધોધમાર વરસાદ ન વરસે તો કેટલાક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનું સંકટ મંડરાયું છે. જિલ્લાના મેશ્વો ડેમમાં પાણીની સારી આવકના કારણે સૌથી વધુ ૪૩.૬૬ ટકા જથ્થો આરક્ષિત છે ત્યારબાદ માઝૂમ જળાશયમાં ૩૮ ટકા અને વાત્રક-હાથમતીમાં ૩૩ ટકા પાણીનો જથ્થો હોવાનું સિંચાઈ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.



ગત ચોમાસા દરમ્યાન એકંદરે સારો વરસાદ અને સિંચાઈ વિભાગે શિયાળુ-ઉનાળુ ખેતી માટે કરકસર યુક્ત પાણી આપતાં જિલ્લાના જળાશયોમાં જુલાઈ અંત સુધીમાં ધોધમાર વરસાદ ન વરસે તો પણ જળાશયોમાં પાણીનો જથ્થો એકંદરે સંતોષકારક હોવાનું ચિત્ર સામે આવ્યું છે. આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જિલ્લાના મુખ્ય જળાશયો ખાસ કરીને વાત્રક, માઝૂમ, મેશ્વો જળાશયમાં પાણીનો જથ્થો જેટલો વધુ તેટલો ખેડૂતોને સિંચાઈનો મહત્તમ લાભ મળતો હોય છે. હમણાં સુધી ખેડૂતોને સિંચાઈ માટે પાણી અપાયાં તેમ છતાં જિલ્લાના મુખ્ય ૩ જળાશયોમાં પાણીનો સારો જથ્થો હોવાથી તંત્રને ચોમાસામાં થોડો વિલંબ થાય તો પણ કોઈ ચિંતાનું કારણ નથી પરંતુ વરસાદ લાંબો ખેંચાય તો જળાશયો મારફતે સિંચાઈના પાણી મેળવતા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનું સંકટ મંડરાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

#### જિલ્લાના જળાશયોમાં પાણીની સ્થિતિ

| જળાશય | પાણીનો જથ્થો(ટકામાં) |
|---|---|
| વાત્રક | ૩૩.૦૨ |
| ગુહાઈ | ૧૧.૨૯ |
| માઝૂમ | ૩૮.૩૭ |
| હાથમતી | ૩૩.૨૧ |
| લાંક | ૦.૮૧ |
| જવાનપુરા | ૫.૮૩ |
| હરણાવ-૨ | ૩૦.૨૨ |
| મેશ્વો | ૪૩.૬૬ |
| વૈડી | ૧૭.૨૨ |
| ખેડવા | ૧૪.૭૮ |
| વરાંસી | ૪.૩૯ |
| ગોરઠીયા | ૨૧.૬૯ |

### રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની રજૂઆત :

## રાજ્યમાં ૧ જુલાઈથી શાળાનો સમય સવારનો રાખવા રજૂઆત

### પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆત કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
કોરોનાના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી વગર શિક્ષણ કામગીરી શરૂ થઈ છે. પ્રા.શિક્ષણ વિભાગની સૂચના મુજબ ડી.ડી.ગીરનાર ટેલિવિઝન ચેનલના માધ્યમથી બાળકોને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં આવવામાંથી કોરોનાના કારણે બાળકોને મુક્તિ આપવામાં આવી છે. દર વર્ષે ૧ જુલાઈથી શાળાનો સમય બપોરનો થાય છે પરંતુ વર્તમાન સ્થિતિ અને સવારે વાલી ઘરે હોવાના કારણે તેમનો સંપર્ક કરવો સરળ બની રહે તે માટે શાળાનો સમય ૧ જુલાઈથી સવારનો રાખવા રાજ્ય પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલે રાજ્યના પ્રા.શિક્ષણ નિયામકને રજૂઆત કરી છે.

શાળાઓમાં શિક્ષણ કાર્ય વિદ્યાર્થીઓની હાજરી સાથે ક્યારે શરૂ થાય તે કહેવું મુશ્કેલ છે. કોરોનાનું સંક્રમણ ભલે ઘટ્યું પરંતુ ત્રીજી લહેરના કારણે ઉચાટ જોવા મળી રહ્યો છે આ સંજોગોમાં આગામી દિવાળી સુધી ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓનું શાળામાં શિક્ષણ શરૂ થાય તેવી કોઈ સંભાવના નથી. દર વર્ષે જાન્યુઆરી પૂર્ણ થાય અને જુલાઈ મહિનો શરૂ થાય એટલે શાળાનો સમય સવારના ૧૦-૩૦ થી સાંજના ૫-૧૫ થતો હોય છે પરંતુ આ વર્ષે કોરોનાના કારણે સ્થિતિ અલગ છે. ઓનલાઈન શિક્ષણમાં અનેક ગરીબ પરિવારના બાળકોને તેમના વાલીના મોબાઈલ દ્વારા શિક્ષણ અને સંપર્ક કરવાનો હોય છે. સવારે ૧૦-૦૦ વાગે મોટાભાગના વાલી કામધંધા ઉપર જતા હોય છે અને બપોરની શાળા થાય તો ઓનલાઈન શિક્ષણનો કોઈ હેતુ સફળ નહીં રહે. આ સંજોગોમાં રાજ્ય સંઘ દ્વારા શાળાનો સમય સવારનો રાખવા રજૂઆત થઈ છે.

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સદસ્યતા અભિયાનની શરૂઆત

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ,સાબરકાંઠા દ્વારા સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવવા હિંમત હાઈસ્કુલ, હિંમતનગર માં પાવતી બુક વિતરણ કરવામાં આવ્યું. તેમાં હિંમતનગર તાલુકા માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ શ્રી એસ. જે.પટેલ , સાબરકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ મહામંત્રી શ્રી પી.જે. મહેતા, સાબરકાંઠા જિલ્લા કોષાધ્યક્ષ શ્રી બી.જી.આચાર્ય તથા પ્રાંત અધ્યક્ષ શ્રી મિતેષભાઈ ભટ્ટ દ્વારા પાવતી બુક સોંપવામાં આવી. આ વર્ષે સો ટકા સદસ્યતા ને અભિયાનનો નારો બનાવવાની નેમ વ્યક્ત કરવામાં આવી હતી.

## બાયડ પાલિકામાં આવતીકાલથી સ્વચ્છતા અભિયાન, ફૂટપાથ અવર જવર માટે ખુલ્લો કરાશે

### રખડતા ઢોરના માલિકો સામે કાર્યવાહીનો ધમધમાટ શરૂ

હિંમતનગર, તા.૨૯
બાયડ પાલિકામાં ગુરૂવારથી સ્વચ્છતા અભિયાન શરૂ થશે. ફૂટપાથ સિનિયર સિટીઝન અને રાહદારીઓ માટે સંપૂર્ણ ખુલ્લો કરાશે જ્યારે ટ્રાફીકની સમસ્યા નિવારવા માટે પાલિકા અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે કામગીરી કરવાનો નિર્ણય લેવાયો છે. છેલ્લા કેટલાય સમયથી રખડતા ઢોરના કારણે સોસાયટીના રહીશો અને વેપારીઓ ત્રાસી ઉઠ્યા છે. રખડતા ઢોરના માલિક કોણ છે..?? તે શોધી કાઢી તેમની સામે કાર્યવાહીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલની અધ્યક્ષતામાં અને ચીફ ઓફીસર સાવિબેન સોની તેમજ કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં બાયડને જિલ્લાનું સૌથી વધુ સ્વચ્છ નગર બનાવવાનો નિર્ણય લેવાયો છે. જેમાં વેપારી અને લારી-ગલ્લા ધારકો સહયોગ આપે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

સ્વચ્છતા ત્યાં પ્રભુતા..પાછલા ૭ વર્ષથી સમગ્ર દેશમાં સફાઈ અભિયાન ચાલી રહ્યું છે. પ્રજામાં ધીરે ધીરે સ્વચ્છતા પ્રત્યે જાગ્રતતા દેખાઈ રહી છે. બાયડ પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા નિયમિત સફાઈ તેમજ સોસાયટી વિસ્તારોમાં ઘેર..ઘેર ફરી વાહનો મારફતે કચરો ઉપાડવામાં આવી રહ્યો છે તેમ છતાં કેટલાક દુકાનદારો દ્વારા જાહેરમાં કચરો ફેંકવામાં આવે છે. બાયડને સ્વચ્છ રાખવા માટે મુખ્ય બજાર તેમજ ચોઈલા રોડ ઉપરથી જ સ્વચ્છતા અભિયાન શરૂ થશે. જાહેરમાં કચરો નાખનાર વેપારી, લારી-ગલ્લા, કેબિન ધારકને પ્રથમવાર ચેતવણી આપવામાં આવશે અને બીજી વખત જાહેરમાં કચરો ફેંકતા જણાશે તો સ્થળ ઉપર નિયત કરાયેલ દંડ વસુલવામાં આવશે. બાયડમાં ખરીદી માટે આસપાસના ગામડાઓમાંથી અનેક લોકો આવતા હોય છે તેમજ વેપારી મથક હોવાના કારણે ટ્રાફીકનું ભારણ વધ્યું છે. આડેધડ વાહનો પાર્ક થતા હોવાથી અકસ્માતનું પ્રમાણ વધ્યું છે અને દુકાનદારો પણ હાલાકી અનુભવતા હોય છે આ સંજોગોમાં ફૂટપાથ અવર જવર માટે ખુલ્લો કરવો અને આડેધડ વાહનો પાર્ક થતા હોય તેમની સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવાની સાથે આવાં વાહનો ડીટેઈન કરવામાં આવશે.



### બાયડમાં ગાયત્રી પરિવાર દ્વારા વ્યસન મુક્તિ અભિયાન

ગાયત્રી પરિવાર-બાયડ દ્વારા બાયડ બસ સ્ટેશન તથા સંજીવની હોસ્પિટલ-બાયડમાં વ્યસન મુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, બાયડ ડેપો ટ્રાફીક કંટ્રોલર રાકેશભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં વ્યસન મુક્તિ અભિયાન હાથ ધરાતાં એસ.ટી.ના કર્મચારીઓ, મુસાફરો અને હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓ તેમજ સગાઓને વ્યસનથી થતા રોગો અને નુક્સાન અંગે માહિતી માગવામાં આવી હતી તેમજ વ્યસનમુક્તિ માટેની પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાયત્રી પરિવારના વિનુભાઈ પટેલ, કૌશિકભાઈ પંચાલ, કાન્તિભાઈ પટેલ, સ્નેહ પંચાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના લીમલામાં કોબિઝનું બિયારણ નિષ્ફળ જતાં ખેડૂતોને ફટકો

### ખેડ-ખાતર અને રાસાયણિક દવા પાછળનો ખર્ચો ફોગટ ગયો, હલકી ગુણવત્તાના બિયારણથી ખેડૂતોને રડવાનો વારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
શાકભાજી ઉત્પાદનમાં અગ્રેસર રહેતા પ્રાંતિજ તાલુકામાં લીમલા ગામના ખેડૂતોએ કોબિઝનું બિયારણ વાવ્યા પછી પાક સદંતર નિષ્ફળ જતાં ખેડૂતોને મોટો ફટકો પડ્યો છે. કોબિઝના પાકમાં ખેડ, ખાતર અને રાસાયણિક દવાઓમાં ખર્ચો કર્યા પછી પણ બિયારણ બોગસ નિકળતાં સમસમી ગયેલા ખેડૂતોએ આ મુદ્દે ગ્રાહક સુરક્ષા ફોરમમાં રજૂઆત કરવા માટેની તૈયારીઓ શરૂ કરી છે. આ વિસ્તારના ખેડૂતોએ સારા ઉત્પાદનની આશા સાથે નામધારી એન.એસ.૧૯૬નું બિયારણ ખરીદી ધરૂનું વાવેતર કર્યું પરંતુ પાક ઉપજથી હાથ ધોવાનો વારો આવ્યો છે.



જિલ્લામાં ખેડૂતોએ વરસાદના આરંભ સાથે ખરીફ વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો છે. મોંઘાંદાટ બિયારણ અને દવાઓ પાછળ પૈસા ખર્ચ્યા પછી પાક નિષ્ફળ જાય ત્યારે ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવતો હોય છે. સાબરકાંઠામાં શાકભાજીનું હબ ગણાતા પ્રાંતિજ તાલુકામાં ખેડૂતો મોટાપાયે ફુલાવર અને કોબિઝનું વાવેતર કરતા હોય છે. શાકભાજીના વાવેતરમાં વિષમ હવામાન સહિતની સમસ્યાઓ ઉત્પાદનને અસર કરતી હોય છે પરંતુ ક્યારેક બિયારણ હલકી ગુણવત્તાનું હોય તો ખેડૂતોનો તમામ ખર્ચો માથે પડતો હોય છે. તાલુકાના લીમલા ગામના ભીખાભાઈ ચતુરભાઈ પટેલ સહિતના ખેડૂતોએ ખેતરમાં કોબિઝનું વાવેતર કરવા માટે જાણીતી કંપનીનું બિયારણ ખરીદી લાવ્યા હતા જેમાં ખેતરમાં પરંપરાગત રીતે બિયારણ વાવ્યું તો ખરૂ પરંતુ અન્ય ખેડૂતો સાથે તેમના ખેતરમાં પણ સમુળગું વાવેતર નિષ્ફળ જતાં ખેડૂતો રોષે ભરાયા છે. ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ સમજી ખરીદી કર્યા બાદ ખેડૂતોએ કોબિઝનો પાક તૈયાર કરવા માટે અન્ય ખર્ચ કર્યું હોવા છતાં બિયારણે દગો દેતાં ખેડૂતો વર્તમાન સીઝનમાં મુશ્કેલીમાં મૂકાયા છે. કેટલાક ખેડૂતોએ તો બિયારણની ગુણવત્તા સામે આશંકા વ્યક્ત કરી ગ્રાહક સુરક્ષા ફોરમમાં રજૂઆત કરવાની તૈયારી કરી છે.

## શામળાજીમાં કારે બાઈકને ટક્કર મારતાં ચાલકનું મોત

યાત્રાધામ શામળાજીમાં પૂરપાટ ઝડપે પસાર થતી લક્ઝુરીયર્સ કારના ચાલકે બાઈકને ટક્કર મારી ફંગોળી નાખતાં રાજસ્થાનના માળમાથા ગામના ચાલક અશોક નંદલાલ ભગોરાનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. રતનપુર થી શામળાજી તરફ આવતાં કાર ચાલકે બાઈકને ટક્કર મારતાં વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર હોહા મચી હતી. બનાવ અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફોરલેન નેશનલ હાઈવે સિક્સલેનમાં ફેરવાઈ રહ્યો હોવા છતાં વાહનો ગતિમર્યાદા બહાર દોડવા ઉપર રોક લગાવવામાં પોલીસ અને આર.ટી.ઓ. વિભાગ નિષ્ફળ રહ્યું છે. ઠેકઠેકાણે જોખમી ડાયવર્ઝન અપાયાં છે જેના કારણે હાઈવે ઉપર હાદસા કાયમી બન્યા છે તેમાંય શામળાજીમાં ફોરલેન નેશનલ હાઈવે દ્વિ-ચક્રી વાહન ચાલકો માટે યમદૂત સાબિત થઈ રહ્યો છે. તા.૨૮ના રોજ રાજસ્થાનના બાઈક ચાલક શામળાજી ઓવર બ્રીજ નજીકથી પસાર થઈ રહ્યા હતા જે સમયે રાજસ્થાન તરફથી આવતી કારે બાઈકને ટક્કર મારતાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત હાલતમાં રાજસ્થાની બાઈક ચાલકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાનો પ્રયાસ થયો પરંતુ સારવાર અગાઉ મોત નિપજ્યું હતું. બનાવ અંગે લોકેશભાઈ નંદલાલ ભગોરાની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ગુનો નોંધ્યો છે.